પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૦ | ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### અમિત શાહની સુરક્ષામાં વધારો

ભાજપ અધ્યક્ષ અમિત શાહના જીવને જોખમ છે. સુરક્ષા એજન્સીઓએ અમિત શાહની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી છે. ત્યારબાદ ગૃહ મંત્રાલયે અમિત શાહની સુરક્ષામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

### ઈન્ડોનેશિયામાં ભૂકંપ

ઈન્ડોનેશિયાના સુલાવેસી દ્વીપમાં શુક્રવારે ભૂકંપના ઝટકા આવ્યા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૭.૫ માપવામાં આવી હતી. જો કે તત્કાલ જાનમાલના નુકશાનની કોઈ ખબર નથી.

### તારીક અનવરે એનસીપી છોડી

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના મહા સચિવ તારીક અનવરે પાર્ટીનો સાથ છોડી દીધો છે. તેઓએ લોકસભા સાંસદ પદેથી રાજીનામુ પણ આપી દીધુ છે. પાર્ટી અધ્યક્ષથી નિરાશ હોવાનું તેઓએ જણાવ્યુ છે.

### તાજમહેલમાં મુખ્ય મકબરો જોવો મોંઘો પડશે

પ્રેમની નિશાની ગણાતા તાજમહાલને જોવા માટે દેશી-વિદેશી પર્યટકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે. ભારતીય પ્રવાસીઓ હવે રૂ.૨૫૦ અને વિદેશીઓ રૂ.૧૩૦૦માં તાજમહાલનો દીદાર કરી શકશે. દેશનું આ પહેલું સ્મારક છે, જ્યાં પર્યટકોને બે અલગ (પ્રવેશ ટિકિટ રૂ. ૫૦ અને મુખ્ય મકબરો જોવા માટે રૂ.૨૦૦ની ટિકિટ) ટિકિટ લેવી પડશે.

# સબરીમાલા મંદિરમાં મહિલાઓ પ્રવેશી શકશે

**સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક સુનાવણી ચલાવતી વેળા ચુકાદો આપ્યો : હવે દરેક વયની મહિલાઓ મંદિરમાં પ્રવેશ કરી શકશે : અમારી સંસ્કૃતિમાં મહિલાઓનું સ્થાન ખુબ સન્માનીય છે : મંદિર કોઈ ખાનગી સંપત્તિ નથી પણ સાર્વજનિક સંપત્તિ છે : સુનાવણી વેળા સુપ્રીમે તારણ આપ્યા**



નવી દિલ્હી,તા. ૨૮

સુપ્રીમ કોર્ટ દ્વારા એકપછી એક ઐતિહાસિક ચુકાદા આપવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યુ હતુ કે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓ એન્ટ્રી કરી શકશે. મહિલાઓને પ્રવેશની મંજુરી આખરે મળી ગઈ છે. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે દરેક વયન મહલાઓ હવે મંદિરમાં પ્રવેશ કરી શકશે. શુક્રવારના દિવસે પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે અમારી સંસ્કૃતિમાં મહિલાનુ સ્થાન આદરણીય છે. અહીં મહિલાઓને દેવીની જેમ પુજવામાં આવે છે અને મંદિરમાં પ્રવેશ કરવાથી રોકવામાં આવી રહી હતી. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ ચુકાદો વાંચતા કહ્યુ હતુ કે ધર્મના નામ પર પુરૂષવાદી વિચારધારા યોગ્ય નતી. વયના આધાર પર મંદિરમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવાની બાબત ધર્મનો અખંડ હિસ્સો હોઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો ૪-૧ની બહુમતિ સાથે આવ્યો હતો. ફેંસલો વાંચતા ચીફ જસ્ટીસે કહ્યુ હતુ કે ભગવાન અયપ્પા ના ભક્તો હિન્દુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાફેલ ડીલ મામલે મોદીના ઈરાદા પર કોઈ જ શંકા નથી

**શરદ પવારના નિવેદનથી કોંગ્રેસ પાર્ટીને ફટકો : નરેન્દ્ર મોદીને ચોર કહેવાના રાહુલ ગાંધીના નિવેદન બાદ એનસીપી નેતા શરદ પવારના નિવેદનથી કોંગ્રેસને નિરાશા**

નવી દિલ્હી,તા. ૨૮

દેશમાં ભારે ચર્ચા જગાવનાર રાફેલ ડીલના મામલે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી એનડીએ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર તેજાબી પ્રહારો સતત કરી રહ્યા છે ત્યારે એનસીપીના નેતા શરદ પવારે એમ કહીને કોંગ્રેસને ફટકો આપ્યો છે કે દેશના લોકોને મોદીના ઈરાદાને લઈને કોઈ શંકા નથી. પવારના આ નિવેદનથી રાહુલ ગાંધીને ભારે પીછેહટ સાંપડી છે. એક મરાઠી ન્યુઝ ચેનલને આપેલી મુલાકાતમાં શરદ પવારે કહ્યુ હતુ કે રાફેલ ડીલ અંગે રાહુલ ગાંધીના આરોપોને લઈને વધારે કોઈ ફાયદો કોંગ્રેસને થનાર નથી. રાહુલ હાલમાં દરેક જગ્યાએ પ્રચાર વેળા રાફેલનો મુદ્દો ઉઠાવી રહ્યા છે અને ગલી ગલી મે શોર હે ચોકીદાર ચોર હેના આરોપો લગાવી રહ્યા છે. કોંગ્રેસી નેતાઓની વિશ્વસનીયતા અને રાફેલ ડીલના મામલે કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા પવારે કહ્યુ હતુ કે આ કોંગ્રેસની

● અનુસંધાન પાન-૭ પર

# દેશના ૨૫૧ જિલ્લાઓમાં દુષ્કાળનું સંકટ

**ગુજરાતમાં ૨૭ ટકા ઓછો વરસાદ, ૨૨ જિલ્લાઓને અસર : મેઘાલય, અરુણાચલ, બિહાર અને તમિળનાડુ સહિત ૧૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૫૦ ટકાથી વધુ જિલ્લાઓમાં તીવ્ર અછતની સ્થિતિ સર્જાઇ**

નવી દિલ્હી,તા. ૨૮

દેશના મોટાભાગના વિસ્તારોમાં નોર્મલ મોનસુનની સ્થિતિ રહી હોવા છતાં દેશના ૨૫૧થી વધુ જિલ્લાઓમાં દુષ્કાળનું સંકટ તોળાઈ રહ્યું છે. ૧૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આ સ્થિતિ સર્જાઈ શકે છે. મેઘાલય, અરુણાચલ પ્રદેશ, ઝારખંડ, બિહાર, ગુજરાત અને તમિળનાડુ સહિત ૧૧થી વધુ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૫૦ ટકાથી વધુ જિલ્લાઓમાં મોટાપાયેચ ઓછા વરસાદની સ્થિતિ તોળાઈ રહી છે. જો એકંદરે રાષ્ટ્રવ્યાપી વરસાદ સપ્ટેમ્બરના ત્રણ દિવસ બાકી રહ્યા છે ત્યારે એક ટકાથી ઓછો રહ્યો છે. સદીમાં છટ્ઠી મોનસુન સિઝન નિરાશાજનક દેખાઈ રહી છે. કર્ણાટકમાં પહેલાથી જ ૩૦ જિલ્લાઓ પૈકીના ૨૩ જિલ્લાઓને ઓછા વરસાદના લીધે દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે. આંધ્રપ્રદેશે છ જિલ્લાઓમાં ૨૭૪ બ્લોકને તીવ્ર દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયા છે.

બીજી બાજુ બાડમેર અને જેસલમેર જિલ્લામાં સામાન્ય કરતા ૬૦ ટકાથી ઓછો વરસાદ થયો છે. પશ્ચિમી રાજસ્થાનમાં પણ હાલત કફોડી બની ગઈ છે. એક દશક બાદ પણ સુસ્ક સ્થિતિ સર્જાયેલી છે. મરાઠવાડા અને વિદર્ભ જે મહારાષ્ટ્રના ખુબ મહત્વપૂર્ણ વિસ્તારો છે ત્યાં પણ દુષ્કાળ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૮ને પૂર્ણ થવા આડે ગણતરીના ત્રણ દિવસ રહ્યા છે ત્યારે નોર્મલ મોનસુનની સ્થિતિ દેખાઈ રહી છે. હાલમાં ચાલી રહેલા દક્ષિણ પશ્ચિમ મોનસુનની સત્તાવાર વિદાય આડે ત્રણ દિવસનો ગાળો રહ્યો છે. દેશમાં વરસાદી સિઝન પહેલી જૂન ૨૦૧૮ના દિવસે મોનસુનની શરૂઆત થયા બાદથી ૧૧૭ દિવસ સુધી રહી છે જેમાં લોંગ ટર્મ એવરેજના માઈનસ નવ ટકા વરસાદ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો

**આંદામાન-નિકોબાર**
હેવલોક-નીલ આઇલેન્ડ

| | | |
|---|---|---|
| સ્પે.કેરાલા<br>મુન્નાર-થેકડી | દાર્જીલીંગ<br>ગંગટોક-પેલીંગ | સિમલા<br>મનાલી-ડેલ-અમૃત |
| કુર્ગ-કબિની<br>વાયનાડ-હસન | ભુતાન<br>પારો-થિમ્પુ-પુનાખા | નૈનિતાલ<br>કોર્બેટપાર્ક-મસૂરી |

Since 1951
**નૂતન ટ્રાવેલ્સ**
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

## બેસણું/પ્રાર્થનાસભા



અમારા પૂ. માતુશ્રી રમાબેન કાન્તિલાલ ગગલાણીનું ભાદરવા સુદ-૧૪ને રવિવારને તા.૨૩/૦૯/૨૦૧૮ના રોજ જુનાગઢ મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા.૩૦/૦૯/૨૦૧૮ને રવિવારે નીચેના સમય અને સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઊમિયા મંદિર હોલ, કલેકટર કચેરી સામે, સેકટર -૧૨, ગાંધીનગર**
**સમય : સવારે ૯.૦૦થી ૧૧.૦૦ કલાકે**

લિ. ડો. પ્રદિપ કાન્તિલાલ ગગલાણી
(પ્રિન્સીપાલ/સંચાલક, ઈન્ફોસીટી જુનિ.સાયન્સ કોલેજ)
શ્રીમતી હિના પ્રદિપ ગગલાણી (એડવોકેટ, નોટરી)
જયંતભાઈ કાન્તિલાલ ગગલાણી
(એડવોકેટ, નોટરી - જુનાગઢ)
બિપિનભાઈ કાન્તિલાલ ગગલાણી
(એડવોકેટ, નોટરી - જુનાગઢ)
શ્રીમતી મનીષા જયંતભાઈ ગગલાણી (એડવોકેટ)
શ્રીમતી વૈશાલી બિપિનભાઈ ગગલાણી
ડો. રાજ પ્રદિપભાઈ ગગલાણી
ડો. નીલ પ્રદિપભાઈ ગગલાણી

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી સુનિતાબેન સોમાભાઈ પરમાર (ચક્ષુદાતા) (નિવૃત્ત આંકડા અધિકારી, બ્યુરો કચેરી) ધર્મપત્ની સ્વ. સોમાભાઈ દાનાભાઈ પરમારનું તા. ૨૬-૯-૨૦૧૮ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૦-૯-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**-: સ્થળ :-**
'અનુરાગ'
૧૮૮, આનંદનગર સોસાયટી,
સેક્ટર-૨૭, ગાંધીનગર

કુંદનલાલ સોમાભાઈ પરમાર (પુત્ર) — સરોજબેન કુંદનલાલ પરમાર (પુત્રવધુ)
કૌશિકકુમાર સોમાભાઈ પરમાર (પુત્ર) — વર્ષાબેન કૌશિકકુમાર પરમાર (પુત્રવધુ)
મહેશકુમાર ઉત્તમલાલ પરમાર (જમાઈ) — સંગીતાબેન મહેશકુમાર પરમાર (પુત્રી)
હર્ષ, દર્શિતા, ધિરેનકુમાર, વત્સલ, રિશિતા, અખિલ, ખુશબુ

ફર્મ : RIDAK AGRO PVT. LTD.

પિયરપક્ષ : સ્વ. તુલસીદાસ ઉગરચંદ પરમાર પરિવાર (વિસનગર)